મથુરામાં મંદિરમાં ભાગદોડ મચી જતાં બે શ્રદ્ધાળુનાં મોત

અનેક શ્રદ્ધાળુઓ ઘાયલ પણ થઈ ગયા : રાધા અષ્ટમીના પ્રસંગે સવારે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા : કેટલાક શ્રદ્ધાળુઓની પોલીસની સાથે ઝપાઝપી

મથુરા,તા. ૨૩

મથુરાના બરસાનાના રાધા

રાણી મંદિરમાં આજે સવારે એકાએક ભાગદોડ મચી જતા ઓછામાં ઓછા બે શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને અનેક શ્રદ્ધાળુઓ ઘાયલ પણ થયા હતા. ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે સમગ્ર મામલાની ઉંડી તપાસ હાથ ધરી છે. મથુરાથી પ્રાપ્ત અહેવાલ મુજબ સવારે રાદા અષ્ટમીના પ્રસંગે મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં લોકો મંદિરમાં હાજર હતા ત્યારે જ આ બનાવ બન્યો હતો. બનાવ બન્યા બાદ કેટલાક શ્રદ્ધાળુઓની પોલીસ સાથે પણ ઝપાઝપી થઈ હતી. થોડાક સમય માટે તંગદીલી ફેલાઈ ગઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલા પત્રકારો સાથે મારામારી પણ કરવામાં આવી હતી. બનાવ બન્યા બાદ વહીવટીતંત્રના વર્તન અને વલણને લઈને લોકો નારાજ હતા. એકબાજુ ડીએસે ભાગદોડ મચી હોવાના અહેવાલને રદિયો આપ્યો હતો.તેમણે કહ્યું હતું કે મહિલાઓના મોત ગૂંગળામણના કારણે થયા હતા. બીજીબાજુ એસપીએ કહ્યું છે કે મહિલાઓના મોત સીઢીઓ પર થયા હતા. મળેલી માહિતી મુજબ આજે સવારે એકાએક મંદિરમાં ભાગદોડ મચી ગઈ હતી. અફડાતફડીના માહોલમાં બે મહિલાઓના મોત થયા હતા. ટીવી અહેવાલમાં જણાવાયું છે કે મૃત્યુ પામેલી મહિલાઓની ઓળખ કરી લેવામાં આવી છે. બન્નેની વય ૩૨ વર્ષની આસપાસ હોવાનું જાણવા મળ્યું છે. જો કે તેમની ઓળખ જારી કરવામાં આવી નથી.

બનાવમાં એક ડઝનથી વધારે લોકો ઘાયલ થઈ ગયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર પણ જણાઈ આવી છે. ઘાયલ થયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

સુરેન્દ્રનગરના થાનગઢમાં જૂથ અથડામણ : ૩નાં મોત

એક હોમગાર્ડ જવાન પણ ઘાયલ થવા પામ્યો : ભારેલા અગ્નિ જેવી સ્થિતિ : સાવચેતીનાં તમામ પગલાંઓ લેવાયા

અમદાવાદ, તા.૨૩

સુરેન્દ્રનગરનાં થાનગઢ ખાતે મેળામાં થયેલી બોલાચાલીને પગલે ભરવાડ અને દલિતો વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં પોલીસે ગોળીબાર કરતાં ત્રણ દલિત યુવાનોનાં મોત થયા છે જ્યારે એક હોમગાર્ડ જવાન પથ્થમારામાં ઘાયલ થવા પામ્યો છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે, થાનગઢમાં ૧૯ થી ૨૨ તારીખ સુધી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગઈકાલે મેળાનો છેલ્લો દિવસ હોવાથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતાં. દરમિયાનમાં ગત રાત્રિનાં સુમારે દલિત યુવાન અને ભરવાડ યુવાન વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ભરવાડોએ અન્ય એક દલિત યુવાન રણજીત કાનજીભાઈ પરમાર ઉપર હુમલો કર્યો હતો જેથી બંને જુથો સામસામે આવી ગયા હતાં.

દરમિયાનમાં રાત્રિનાં સુમારે આંબેડકરનગરનાં દલિતોનાં ટોળેટોળા નીકળી પડ્યા હતાં, જેની જાણ પોલીસને થતાં પોલીસ ટીમ દોડી આવી હતી. ટોળાએ પોલીસ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. ભારે પથ્થરમારામાં હોમગાર્ડ જવાન ચંદ્રકાંત પ્રભુદાસ મોરી (ઉ.વ.૫૦)ને ઈજા થવા પામી હતી. દરમિયાનમાં પોલીસે દલિત લોકોનાં ટોળા પર ગોળીબાર કર્યો હતો, જેમાં ૧૬ વર્ષીય પંકજ અમરસીભાઈ સુમરાને ગોળી વાગી હતી, બાદમાં તેને સારવાર માટે રાજકોટ લઈ જવાયો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. બીજીતરફ સમગ્ર થાનગઢમાં અફડા-તફડીનો માહોલ સર્જાતાં પોલીસ અધિકારીઓ પણ દોડી આવ્યા હતાં. દરમિયાનમાં આજરોજ બપોરે દલિતોએ ગોળીબાર કરનાર પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવા માંગ કરી હતી અને લોકોનાં ટોળા પોલીસ મથકે ધસી ગયા હતાં. ઉપરાંત લોકોએ ફરીવાર પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. ટોળાંએ ભારે પથ્થરમારો કરતાં પોલીસે ગોળીબાર કર્યો હતો જેમાં પ્રકાશ બાબુભાઈ પરમાર (ઉ.વ.૨૬) અને મેહુલ વાલજીભાઈ રાઠોડ (ઉ.વ.૧૮)ને ગોળી વાગી હતી. સારવાર માટે તેમને પણ રાજકોટ ખસેડાયા હતાં જ્યાં તેમનું મોત થયું હતું. હાલમાં સમગ્ર થાનગઢમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આ અંગે થાનગઢ પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

સુધારા પ્રક્રિયામાં વિલંબ માટે મમતા બેનર્જી પૂર્ણ જવાબદાર

જમ્મુ,તા. ૨૩

તાજેતરમાં જ યુપીએ સરકાર સાથે છેડો ફાડી લેનાર મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂળ કોંગ્રેસની જોરદાર ટિકા કરતા આજે કેન્દ્રિય પ્રધાન ગુલામ નબી આઝાદે સાફ શબ્દોમાં કહ્યું હતું કે જો સાથી પક્ષો તરફથી દબાણ ન રહ્યું હોત તો સુધારાઓ અંગે નિર્ણય પહેલા જ થઈ શક્યા હોત. સુધારાઓમાં વિલંબ માટે મમતા બેનર્જી જવાબદાર છે. રીટેલ સેક્ટરમાં એફડીઆઈને મંજૂરી આપવા જેવા પગલાની ગુલામ નબીએ વાત કરી હતી. ડીઝલની કિંમતમાં હાલમાં જંગી વધારો કરવામાં આવ્યો હતો. સાથે સાથે સ્થાનિક એલપીજી મામલે તાજેતરમાં મર્યાદા લાદવામાં આવી હતી. ગુલામનબી આઝાદે કહ્યું હતું કે ટીએમસી દ્વારા ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યા બાદ યુપીએ સરકાર પરકોઈ દબાણ નથી. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે અમારી સરકાર લોકસભામાં ૩૦૦થી પણ વધારે સભ્યોનો ટેકો ધરાવે છે.

સમાજવાદી પાર્ટી જેવા કેટલાક પક્ષો બહારથી પણ સરકારને ટેકો આપી રહ્યા છે. સાદી બહુમતિ માટે સરકારને ૫૪૫ સભ્યોના ગૃહમાં ઓછામાં ઓછા ૨૭૩ સાંસદોની જરૂર છે. આઝાદે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે દરેક દેશને કઠોર નિર્ણય લેવાની જરૂર પડે છે.

આસામમાં પુરની સ્થિતી વધુ વણસી : સાત લાખને અસર

ઉત્તર-પૂર્વમાં પૂર, ભેખડો પડતાં ૨૩નાં મોત : આસામના ૧૪ જિલ્લાઓ સંકજામાં આવ્યા : અસરગ્રસ્ત વિસ્તારોમાં સાવચેતીના તમામ પગલાઓ લેવામાં આવ્યા

ગુવાહાટી,તા. ૨૩

આસામમાં પુરની સ્થિતી આજે વધુ વણસી ગઈ હતી. અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદ યથાવતરીતે જારી રહેતા લોકોની હાલત કફોડી બનેલી છે. આસામમાં ૧૪ જિલ્લામાં રહેતા આશરે સાત લાખ લોકોને માઠી અસર થઈ છે. બચાવ અને રાહત કામગારી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. ઉત્તર-પૂર્વમાં પૂર અને ભેખડો ધસી પડવાનાં કારણે ૨૩ લોકોનાં મોત થયા છે. સિક્કીમમાં ૨૦ લોકોનાં મોત થયા છે જ્યારે અરૂણાચલમાં ત્રણ લોકોનાં મોત થયા છે. આસામમાં સાત લાખથી વધુ લોકોને અસર થઈ છે.

તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં ાવ્યા છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે દક્ષિણપશ્ચિમ મોનસુન હાલમાં અરૂણાચલ પર જોરદાર રીતે સક્રિય થયેલુ છે. છેલ્લા ૨૪ કલાકમાં આસામ અને મેઘાલયમાં પણ દક્ષિણપશ્ચિમ મોનસુન સક્રિય થયેલુ હતુ. મોનસુન સક્રિય રહેવાના કારણે અરૂણાચલ પ્રદેશના મોટા ભાગના વિસ્તારો, આસામના અનેક ભાગો અને મેઘાલયમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. અરૂણાચલ અને આસામના કેટલાક ભાગોમાં અતિ ભારે વરસાદ થયો છે.

હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે ત્રણેય રાજ્યોમાં અનેક સ્થળો પર હજુ ભારે વરસાદ થઈ શકે છે. ઉપરાંત નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ વરસાદ થઈ શકે છે. આગામી ૨૪ કલાકમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ તંત્રની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે અરૂણાચલ, આસામ, મેઘાલયમાં કેટલાક સ્થળો માટે ચેતવણી જારી કરતા લોકો સાવધાન થઈ ગયા છે.

અગરતલા-ઢાકા બસ સેવા હુમલા બાદ અંતે બંધ થઈ

અગરતાલા,તા. ૨૩

અગરતાલા અને ઢાકા વચ્ચે બસ સર્વિસ સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. બાંગ્લાદેશમાં તોફાની ટોળા દ્વારા બંને શહેરો વચ્ચે દોડતી ભારતની મૈત્રી પેસેન્જર બસને આગ ચાંપી દેવામાં આવ્યા બાદ બસ સેવા બંધ કરી દેવામાં આવી છે.

બસ પર હુમલો થયા બાદ અગરતાલા-ઢાકા બસ સર્વિસ બંધ કરાતાં ઘણાં લોકો અટવાઈ પડ્યા છે. કામચલાઉ ધોરણે આ સેવા હાલમાં બંધ કરવામાં આવી છે. સેવા બનાવબાદ પરિસ્થિતિની સમીક્ષા પછી ફરી શરૂ કરવામાં આવશે. અન્ય તમામ જરૂરી પગલાં પણ લેવામાં આવશે. ત્રિપુરાનાં પરિવહન વિભાગનાં અધિકારીએ માહિતી આપતાં કહ્યું હતું કે, ત્રિપુરા સરકારનાં અધિકારીઓની એક ટીમ બનાવમાં તપાસ કરવા બાંગ્લાદેશની મુલાકાત લેશે અને ત્યારબાદ પોલીસ અધિકારીઓ સાથે વાતચીત કરશે. ત્રિપુરા માર્ગપરિવહન દ્વારા ચલાવવામાં આવતી ઢાકા તરફ જતી મૈત્રી પેસેન્જર બસને શુક્રવારે મધ્ય બાંગ્લાદેશમાં નરશિંદીમાં તોફાની ટોળાએ આગ ચાંપી દીધી હતી. બે સ્થાનિક રાજકીય સમુદાયો વચ્ચે અથડામણ થયા બાદ આ બનાવ બન્યો હતો. નરશિંદી અગરતાલાથી ૪૫ કિલોમીટર પશ્ચિમે અને ઢાકાથી ૫૦ કિલોમીટર ઉત્તર-પૂર્વે સ્થિત છે. તમામ ૨૨ યાત્રીઓ બિલકુલ સુરક્ષિત છે. ડ્રાઈવર અને કંડક્ટર નજીવી ઈજા થઈ હતી. આ બસમાં ૧૨ ભારતીયો અને બાકીનાં બાંગ્લાદેશી નાગરિકો હતાં.

એફડીઆઈને લઈને ચિંતાની જરૂર જ નથી : અરૂણ શૌરી

ડીઝલની કિંમતમાં ભાવ વધારાને ટેકો આપ્યો : હાલમાં લેવામાં આવેલા તમામ નિર્ણયો સમયની માગણી મુજબ લેવામાં આવ્યા, વિરોધ બિનજરૂરી

ભોપાલ,તા. ૨૩

ડીઝલની કિંમતમાં કરવામાં આવેલા ભાવ વધારા, રીટેલમાં એફડીઆઈ જેવા નિર્ણયને લઈને દેશભરમાં ભારે હોબાળો થઈ રહ્યો છે ત્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અરૂણ શૌરીએ વડાપ્રધાનની પ્રશંસા કરીને ભાજપની ઉંઘ હરામ કરી દીધી છે.

તેમણે કહ્યું છે કે એફડીઆઈને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. હાલમાં લેવામાં આવેલા પગલા સમયની માંગ છે. ભોપાલમાં પત્રકારો સાથે વાતચીત કરતા શૌરીએ કહ્યું હતું કે ડીઝલની કિંમતમાં વધારો બિલકુલ યોગ્ય સમયમાં કરાયો છે. ભાજપના નેતાએ એમ પણ કહ્યું હતું કે રીટેલમાં એફડીઆઈના મુદ્દે વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. ભાજપના વલણનો વિરોધ કરીને શૌરીએ કહ્યું હતું કે વડાપ્રધાન મનમોહનસિંહે પ્રથમ વખત તેમની તાકાત દેખાડીને યોગ્ય પગલા લીધા છે.



શૌરીએ કહ્યું હતું કે એફડીઆઈ અને ઉડ્ડયન ક્ષેત્રમાં એફડીઆઈના નિર્ણયથી લોકોને વધારે નુકસાન થસે નહી કંપનીઓને પણ વધારે નુકસાન થસે નહી. એક વૈશ્વિક કાર્યક્રમમાં શૌરીએ કહ્યું હતું કે નાના વૈપારીને કોઈ નુકસાન થશે નહી. શૌરીએ કહ્યું હતું કે રિલાયન્સ, એરટેલ અને બિગ બજાર જેવી ટોચની કંપનીઓ રીટેલ ક્ષેત્રમાં આવી હતી. પરંતુ આ કંપનીઓને કારણે નાના વૈપારીઓને કોઈ નુકસાન થયું ન હતું.

શૌરીએ કહ્યું હતું કે ડીઝલની કિંમતમાં હાલમાં કરવામાં આવેલો વધારો યોગ્ય છે. ખાદ્ય કાબુ બહાર છે જેથી કેટલાક પગલા જરૂરી હતા. વડાપ્રધાન પોતાના અધિકારોનો ઉપયોગ કરી રહ્યા નથી.

કેજરીવાલે અણ્ણાને બે કરોડની ઓફર કરી હતી !

નવી દિલ્હી,તા. ૨૩

ઈન્ડિયા અગેંસ્ટ કરપ્શનના સભ્ય અરવિન્દ કેજરીવાલે સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેને આઈએસીની બચી ગયેલી રકમને આપવાની ઓફર કરી હતી પરંતુ અણ્ણાએ ઓફર સ્વીકારી ન હતી.

આ રકમ આશરે બે કરોડની હતી. આ રકમ હવે કેજરીવાલના એનજીઓની પાસે છે. એક અખબારે થોડાક મહિના પહેલા કેજરીવાલ પબ્લિક કાઉચ રિસર્ચ ફાઉન્ડેસનની પાસે પડેલા બે કરોડ રૂપિયાનો ચેક લઈને રાલેગણ સિદ્ધી પહોંચ્યા હતા. કેજરીવાલે અણ્ણાને બે કરોડનો ચેક સ્વીકારી લેવા અપીલ કરી હતી. ઈન્ડિયન એક્સપ્રેસે રાલેગણ સિદ્ધીમાં એવા લોકો પાસેથી આ માહિતી આપી હતી જે અણ્ણાની બિલકુલ નજીક છે. જો કે અણ્ણાએ કેજરીવાલ પાસેથી બે કરોડનો ચેક લેવાનો ઈન્કાર કરી દીધો હતો. અણ્ણાના નજીકના લોકોએ કહ્યું છે કે અરવિન્દ કેજરીવાલ બે કરોડનો ચેક લઈને આવ્યા હતા. આ રકમ ઈન્ડિયા અગેંનસ્ટ કરપ્શનની હતી. જે પીસીઆરએએફના ખાતામાં મુકવામાં આવ્યા હતા. આ એ વખતની વાત છે જ્યારે રાજકીય પાર્ટી બનાવવાને લઈને ટીમની કોર કમિટીમાં મતભેદ ઉભા થઈ ગયા હતા. કેજરીવાલે અણ્ણાને આ ચેક આપવાની ઓફર કરી હતી. અલબત્ત અણ્ણાએ આ ઓફરને સ્વીકારી ન હતી. ત્યારબાદ કેજરીવાલ દિલ્હી પરત આવી ગયા હતા. આ મહિનાની શરૂઆતમાં રાજકીય પાર્ટીની રચના કરવાના મામલે અણ્ણા અને કેજરીવાલમાં મતભેદ ઉભા થઈ ગયા હતા. અણ્ણાએ રાજકીય પાર્ટી બનાવવાનો વિરોધ કર્યો હતો અને પોતાને આનાથી અલગ કરી લીધા હતા. કેજરીવાલ આ નિર્ણયથી હતાશ થયા હતા. હજુ પણ કેજરીવાલ અને અણ્ણા વચ્ચે અનેક મુદ્દે મતભેદ છે. અણ્ણાએ ભ્રષ્ટાચાર સામે જોરદાર જંગ છેડીને દેશભરમાં ભારે લોકપ્રિયતા મેળવી હતી. સરકારને તેમની માંગણી સમક્ષ ઝુંકવાની ફરજ પડી હતી.

મારૂતિ હવે નવી અલ્ટો-૮૦૦ લૉન્ચ કરવા સજ્જ

ભોપાલ,તા. ૨૩

ભારતની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયા નાની કારમાં ગુમાવેલી પ્રતિષ્ઠા અને બજાર હિસ્સેદારીને ફરી મેળવવાનાં હેતુસર તેની સૌથી વધુ વેચાતી અલ્ટો કારની નવી આવૃત્તિ ટૂંક સમયમાં લૉન્ચ કરવાની તૈયારી કરી લીધી છે. હાલની અલ્ટો કારનાં બદલે આગામી મહિને નવી અલ્ટો-૮૦૦ કાર લૉન્ચ કરવામાં આવશે. કંપની બજારમાં ચાલી રહેલી સ્પર્ધા અને સાથે સાથે હાલમાં ગુમાવેલી બજાર હિસ્સેદારીને મેળવવાનો હેતુ ધરાવે છે. પેટ્રોલની કિંમત દિન-પ્રતિદિન વધી રહી છે, વ્યાજદર ખૂબ ઉંચા છે જેનાં કારણે નાની કારનાં વેચાણમાં ઘટાડો થયો છે. નવી અલ્ટો-૮૦૦માં સીએનજી વિકલ્પની વ્યવસ્થા રહેશે. મારૂતિ સુઝુકી ઈન્ડિયાનાં ઉપપ્રમુખ મનોહર ભટ્ટે કહ્યું છે કે, અલ્ટો-૮૦૦ વધુ નવી સુવિધાઓ અને વિકલ્પ સાથે બજારમાં લાવનાર છે. અલ્ટોનું વેચાણ એપ્રિલ-ઓગસ્ટનાં ગાળામાં ૩૪.૮૩ ટકા ઘટ્યું છે અને તેની ૮૯૦૦૦ કાર વેચાઈ છે. એક વર્ષ અગાઉ ૧.૨૨ લાખ કાર આ ગાળામાં વેચાઈ હતી.

બરફી ફિલ્મ ઓસ્કાર એવોર્ડ માટે દાવેદાર

નવી દિલ્હી,તા. ૨૩

રણબીર કપુર અભિનિત અને અનુરાગ બાસુની ફિલ્મ બર્ફી આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનાર ઓસ્કાર માટે આખરે નોમિનેશન થઈ ગઈ છે. હવે બરફી ફિલ્મ વિદેશી ભાષાના વર્ગમાં એવોર્ડ જીતી શકે છે કે કેમ તે બાબત તમામ પર આધારિત રહેશે. બરફીએ એન્ટ્રી મેળવવા માટે અન્ય ૧૯ ફિલ્મોને પછડાટ આપી દીધી છે. રણબીર કપુરે ફિલ્મમાં બહેરા મુંગાની ભૂમિકા અદા કરી છે. પ્રિયંકા ચોપડા ફિલ્મમાં મંદબુદ્ધિની યુતિની ભૂમિકામાં છે. આ ઉપરાંત ફિલ્મમાં દક્ષિણ ભારતની અભિનેત્રી એલેના ડીસોઝા પણ યાદગાર ભૂમિકા અદા કરવા જઈ રહી છે. ફિલ્મની પસંદગી કરનાર અધિકારીઓ પૈકીના એકે કહ્યું હતું કે ૨૦ ફિલ્મોમાંથી તેની પસંદગી કરવામાં આવી છે.

રસ્તે રઝળતી વારતા.... • ચોથા પાનાનું અનુસંધાન

ટાંકી શકાય. તાજેતરમાં સત્યાશી વર્ષના જૈફ 'રાષ્ટ્રીય નેતા' સાથે સંકળાયેલી ઉજ્જવલ શર્માની દર્દભરી 'ડીએનએ' દાસ્તાન આપણે ટીવીના પડદે જોઇ છે અને અખબારોનાં પાનાં પર વાંચી છે. ગુજરાતના નેતાઓ પણ ક્યાં પાછાં પડે એમ છે? આપણા એક અત્યંત સૌમ્ય અને વિવેકી મુખ્યમંત્રીએ રાજકીય મજબૂરી હેઠળ આદિવાસી હોવાનો વિશેષાધિકાર વાપરી બીજા લગ્ન કરેલા. પચી તો એ મહિલા ત્રણ ત્રણ વાર સાબરકાંઠા વિસ્તારમાંથી ચૂંટાઇને સાંસદ પણ બન્યાં હતા. અલબત્ત, એમના પૂર્વ મુખ્યમંત્રી પતિએ એ ઘટના પછી પ્રજાએ જે જાકારો આપેલો, એ કથા પણ જાણીતી છે. અમરસિંહ ચૌધરી ગુજરાતના કૉંગ્રેસી શાસનના છેલ્લા મોગલ બહાદુરશાહ ઝફર બની ગયા હતા. એ પછી કૉંગ્રેસ શાસનના સિંહાસન સુધી આજપર્યંત પહોંચી શકી નથી. વર્તમાન મુખ્યમંત્રી સામે પણ કદાચ સૌથી મોટું જોખમ હોય તો તે એમનાં સિનિયર સ્ત્રી પ્રધાનનું નામ છે, તે કોણ નથી જાણતું?

- નારી, તુ નારાયણી!

(સંદર્ભ : ડો. કેશુભાઇ દેસાઇનો વાર્તાલાપ)

શબ્દ સમીપે.... • ચોથા પાનાનું અનુસંધાન

સાથે જોડાયેલું સંશોધન કાર્ય. આનો ઉદ્દેશ્ય કોઇ પ્રકારનો ઉપદેશ આપવાનો પણ નથી. તેમ છતાં લેખકે પુસ્તકમાં વાસ્તવિક ઘટનાઓનું વર્ણન એ ઇચ્છાથી કર્યું છે કે આ વાંચીને સમાજમાં લોકોને એક સારા માણસ બનવાની પ્રેરણા મળે. અહીં દર્શાવાયેલી બધી જ ઘટનાઓને કલ્પનાનાં વસ્ત્રો પહેરાવીને સનસનીખેજ અને ઉત્તેજનાત્મક રહસ્યમય કહાનીઓમાં ફેરવી શકાઇ હોત પરંતુ એવું ન કરતાં લેખકે પોતાના અનુભવોને સીધે સીધા ઉતારવાનો વિકલ્પ પસંદ કર્યો છે. જેથી ઘટનાઓની પ્રામાણિકતા જળવાઇ રહે અને વાચકો સાથે સીધો સંબંધ સ્થાપિત થાય.

'ખાખીમાં માનવતા' પુસ્તકમાં કુલ ૧૬ જેટલી ઘટનાઓ આધારીત કથાઓ આપણને મળે છે. જેમાં લેખકને ફરજના સમયગાળા દરમિયાન થયેલા અનુભવોનું ભાથું વાચક સમક્ષ પીરસીને પોલીસના કાર્યવાહીના દસ્તાવેજ રૂપે આ વાતો રજૂ કરી છે.

આ પુસ્તકમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓમાં અવતરણો અને શુભેચ્છા સંદેશાઓ પણ આપણને મળે છે. જેમાં ડો.કિરણ બેદી, પી.સી. ઠાકુર, એસ.એમ.ત્રિવેદી અને ડો. મીરા રામ નિવાસનો સમાવેશ થાય છે.

'ખાખીમાં માનવતા' પુસ્તકના લેખક અશોક કુમારનો જન્મ નવેમ્બર ૧૯૬૪માં હરિયાણાનાં પાનીપત જિલ્લાના એક નાના એવા કુરાના ગામે થયો. આઇ.આઇ.ટી. દિલ્હીમાંથી બી.ટેક અને એમ.ટેક. નું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી ૧૯૮૯માં ભારતીય પોલીસ સેવામાં જોડાયા. બે દશકામાં સેવાકાળમાં હૈદરાબાદ, અલીગઢ, રૂદ્રપ્રયાગ, રામોલી, હરિદ્વાર, શાહજહાપુંર, મૈનપુરી, નૈનીતાલ, રામપુર, મથુરા, પોલીસ મુખ્યાલય દહેરાદૂન, ગઢવાલ અને હુમાયુ ક્ષેત્રમાં કાર્યરત રહ્યાં છે. તેમને ૨૦૦૧માં કોસોવોમાં યુ.એન. મિશન ચંદ્રક અને વર્ષ ૨૦૦૬માં રાષ્ટ્રપતિ દ્વારા ભારતીય પોલીસ ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યાં છે.

આપણા માટે ગુજરાતીમાં આ પુસ્તકનો અનુવાદ હાથવગો કરી આપનારા ડો. કનૈયાલાલ ભટ્ટ ગુજરાતી ભાષાના સારા કવિ, લેખક, સંશોધક અને અનુવાદક છે. નાટ્ય ક્ષેત્રે દિગ્દર્શક તરીકે નામના મેળવી ચુકેલા લેખક ગુજરાતી સાહિત્ય અકાદમીમાં જોડાઇ સેવા આપી રહ્યાં છે. આ પુસ્તક લોક સમુદાય અને પોલીસ પરિવારોએ ખાસ વાંચવા જેવું છે. કારણ કે તેમાંથી સાચા પોલીસની સાચી વ્યાખ્યા અને સાચી ઓળખ મળે તેમ છે. લેખક અને અનુવાદકને અભિનંદન સહ પુસ્તકને આવકારતાં આનંદ અનુભવું છું.

ખાખીમાં માનવતા
લેખક : અશોકકુમાર IPS લોકેશ ઓહરી
અનુવાદક : ડો. કનૈયાલાલ ભટ્ટ, અરવિંદ શાહ
પ્રકાશક : અખિલ ભારતીય હિન્દી પ્રચાર પરિષદ - ગુજરાત. ૧૩૫, સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગર.
આવૃત્તિ-૨૦૧૧, કિંમત - રૂા. ૨૨૦/-
પૃષ્ઠ - ૧૪૨

અનોખું અસ્તિત્વ.... • ચોથા પાનાનું અનુસંધાન

આવ્યું. સૌ એરપોર્ટની બહાર આવ્યાં. કોચ તૈયાર હતો. તેમાં બેસી સૌ હોટલે પહોંચ્યા. ફાઈવસ્ટાર હોટલ હોય પછી પૂછવું જ શું?

સૂરજ - શિલ્પા અને પુત્ર રાહુલ પ્રથમ માટે ૧૦૧ નંબર રૂમમાં ગોઠવાયાં. થોડોક આરામ કરી ફ્રેશ થઈ સાઈટ સીન માટે સૌ નીચે પોર્ચમાં આવ્યાં અને મોડી રાત્રી સુધી સૌ સિંગાપુરમાં ફર્યા, રાત્રે ડિનર અને પછી સૌ આરામ માટે છૂટા પડ્યાં. અને પોતપોતાની રૂમમાં ગોઠવાયાં, શિલ્પા-સૂરજ વગેરે રૂમમાં આવ્યાં. નાહીને સ્વસ્થ થઈ આડે પડખે થયાં. ટી.વી. ચાલુ થયું. ત્યાં રૂમનું બારણું ખખડ્યું. વેઈટરે આવીને જણાવ્યું કે તેમનો ઈન્ડિયાથી ફોન છે. સૂરજ ફોન રીસીવ કરવા ગયો. આવતાં તેને વાર લાગી એટલે ઈન્ટરકૉમથી શિલ્પાએ પૂછ્યું તો જવાબ મળ્યો. 'સર નો ફોન ચાલે છે. બિઝનેશ મેટર છે.' લગભગ કલાક પછી સૂરજ આવ્યો. અને જણાવ્યું કે બિઝનેશની મિટિંગ ફોનમાં પતાવવી પડી તેમ હતું. અને થોડીવારે બધાંએ નિંદ્રા દેવીને ખોળે મસ્તક ટેક્યું.

સવારે સૌ ચા-નાસ્તો પતાવી સાઈટ સીન માટે નીકળી પડ્યાં. આમને આમ ૬ દિવસ વીતી ગયા. મલેશિયા, થાઈલેન્ડ, વગેરે સ્થળે ફરી સૌ પાછા ઈન્ડિયા તરફ વળ્યા, વળી પાછા પ્લેનમાં બેઠા. શિલ્પા ગભરાઈ હતી, તેને સમગ્ર પ્રવાસમાં ક્યાંક મૂડ ન હતો. વારેવારે મોનિકા નજર સમક્ષ તરવરતી હતી.

મુંબઈ આવ્યું. સૌ કસ્ટમ ક્લીટરન્સ માટે કતારમાં હતા. શિલ્પા રાહુલને લઈ બેંચ ઉપર હતી. સૂરજ કાઉન્ટર તરફ હતો. શિલ્પાની આંખો ધીરે ધીરે પહોંળી થતી હઈ. ચહેરો નિસ્તેજ જેવો થવા લાગ્યો. હાથપગ ધ્રૂજવાં લાગ્યાં. હોઠ ધ્રૂજતા હતા, આંખો ફાટી ગઈ હતી... કેમ કે, સામે ઊભી હતી મોનિકા, દાંત, ભીડી વિકરાળ મુખમુદ્રા કરી માંજરી આંખો પહોંળી કરી શિલ્પાની ઉપર તરાપ મારવાની સ્થિતિમાં હતી અને શિલ્પા બેહોશ થઈ ગઈ. સૌ ભેગા થઈ ગયા. સૂરજ આવ્યો. આસપાસ જોવા લાગ્યો. મોનીકા હતી જ નહીં. બહાર તેમની ગાડી હતી જ તેથી ઝડપથી શિલ્પાને લઈ સૌ સીધા ડૉકટર ભાર્ગવને દવાખાને પહોંચ્યા. સૂરજને લાગતું હતું કે મોનિકાના અદૃશ્ય ભયથી તેની દિમાગી હાલત બગડી હતી. ડૉ. ભાર્ગવ મગજના રોગનો ડૉકટર હતો. તેણે શિલ્પાને તપાસી, શિલ્પા ભાનમાં આવી. ચકળવકળ ફરતા ડોળા, ફાટેલ મોં, નિસ્તેજ ડરામણો ચહેરો વ્યક્ત કરતાં હતાં કે તેણે કશુંક 'વળગ્યું' છે. મેડિકલ ભાષામાં માનસિક પાગલપન કહી શકાય. ડૉકટરના મતે 'શૉક ટ્રીટમેન્ટ' જરૂરી હતા. અને તેમજ થયું. તેને ત્રણ શૉક આપવામાં આવ્યાં. શિલ્પા શરીર અને મનથી અશક્ત થઈ ગઈ. ઘેર લાવ્યા અને હવે કદી ન મટે તેવી ભયાનક બિમારી સાથે આવી હતી. શિલ્પાને રૂમમાં સુવડાવી સૌ ચિંતિત બની રહ્યાં. રાત્રના કાળા અંધકારમાં એક રહસ્ય આકાર લઈ રહ્યું હતું.

મધ્યરાત્રીએ જયારે સૌ ઘસઘસાટ ઊંઘતા હતા. ત્યારે ઉપરના માળ તરફ કોઈક પડછાતો ધ્રૂજતા માંથે, ખુલ્લાવાળે અને ભયાનક આંખો સાથે આગળ વધતો હતો. ખ..ટાક... ખ..ટા..ક... ખ...ટા...ક...